# ઈસનપુર મોટા ખાતે ગુણોત્સવમાં એક પણ વિદ્યાર્થી ન આવ્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ખાતે આજે ગુણોત્સવનું આયોજન કરાયું હતું પરંતુ પાટીદારો દ્વારા તેના બહિષ્કારનું એલાન આપવામાં આવ્યું હોવાથી એક પણ વિદ્યાર્થી શાળામાં હાજર ના રહેતા ગુણોત્સવનો ફિયાસ્કો થવા પામ્યો હતો. આજથી રાજ્યભરમાં છઠ્ઠા ગુણોત્સવનો પ્રારંભ થયો હતો. પરંતુ ગાંધીનગર નજીકના જ ઈસનપુર મોટા ગામે સરકારને પાટીદારોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા પણ કાળા વાવટા ફરકાવી ગુણોત્સવ કાર્યક્રમનો વિરોધ કરાયો હતો.

પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક મૂલ્યાંકનના ત્રિદિવસીય ગુણોત્સવ કાર્યક્રમનો તા. ૭મી જાન્યુઆરીથી પ્રારંભ થવા પામ્યો છે. આ ગુણોત્સવ અંતર્ગત આજે ઈસનપુર મોટા ગામની પ્રાથમિક શાળામાં ધો. ૨ થી ૫ના વિદ્યાર્થીઓની મૌખિક-વાંચન-ગણન તથા લેખન કસોટી લેવાનાર હતી. આ ઉપરાંત ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓનું ઓએમઆર પદ્ધતિથી શૈક્ષણિક મૂલ્યાંકન પણ કરવામાં આવનાર હતુ. ઈસનપુર મોટા પ્રગતિ મંડળ દ્વારા સંચાલિત ભીખાભાઈ હાઈસ્કૂલ ખાતે ગુણોત્સવ દરમ્યાન ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી બી.પી. સોયંતર ઉપસ્થિત રહેવાના હતા, પરંતુ પાટીદારો તથા કોંગ્રેસ દ્વારા ગુણોત્સવના વિરોધ કાર્યક્રમના કારણે કાર્યક્રમ મુલત્વી રહેતા તેઓ આવ્યા ન હતા. પાટીદારો દ્વારા વિરોધના પગલે એક પણ વિદ્યાર્થી શાળામાં આવ્યો નહોતો. જ્યારે કોંગ્રેસ દ્વારા ગુણોત્સવ જેવા તાયફા કરી શિક્ષણની ઘોર ખોદવા બદલ ભાજપ સરકારની નીતિઓનો વિરોધ કરવા કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શિત કરાયો હતો.

કોંગ્રેસ દ્વારા ભાજપ સરકાર દ્વારા સરકારી ખર્ચે ગુણોત્સવ જેવા તાયફાનો વિરોધ કરવા ઈસનપુર મોટા તથા જીવણપુરા (ટીંટોડા) ખાતે વિરોધ પ્રદર્શન કરાયો હતો. ઈસનપુર મોટા ખાતે સરપંચ રમણભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ ભીખાજી ઠાકોર, કાળુસિંહ ડાભી તથા કોદરજી ઠાકોરની આગેવાની હેઠળ તથા જીવણપુરા (ટીંટોડા) ખાતે તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાબુજી ઠાકોર, જિલ્લા પંચાયતના સદસ્ય નરેશ ઠાકોર, તાલુકા પંચાયતના સદસ્યો ગોવિંદજી ઠાકોર, જશુજી પરમાર વગેરેએ કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ બંને સ્થળે અગ્રણી કોંગ્રેસ કાર્યકર્તાઓ બળદેવજી ઠાકોર, બળદેવજી નારાયણજી ઠાકોર તથા મોટી સંખ્યામાં કાર્યકર્તા જોડાયા હતા.


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## પાટીદારો દ્વારા ગુણોત્સવ બહિષ્કારના અપાયેલ એલાનના પગલે એક પણ બાળક હાજર ના રહ્યું : કોંગ્રેસે પણ ભાજપ સરકારના તાયફા સામે કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન કર્યો

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




શાંતી રાખો... વાર થશે... હવે કામ કોમ્પ્યુટરીઝ થઈ ગયું છે... પહેલા અડધી ચ્હામાં પટાવાળા ફાઈલ શોધી આપતા... હવે ફાઈલ શોધવાનું વગર ચ્હાએ... મારે કરવું પડે છે...

# દોલારાણા વાસણામાં નજીવી બાબતે હુલ્લડ

### ગામની ભાગોળે બાઈક મુકવાની બાબતે ધમાલ : છ શખ્સોએ મળીને ધોકા અને પાઈપ વડે યુવાનને માર્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા નજીક આવેલા દોલારાણા વાસણા ગામમાં ગઈ સાંજે વાહના પાર્કીંગમાં મુકવા બાબતે રાયોટીંગ થઈ જવા પામ્યું હતું. ગામની ભાગોળે બાઈક લઈને બેસેલા યુવાનને રિક્ષામાં આવેલા ચાર શખ્સો સહિત ગામના જ છ શખ્સોએ મળીને ધોકા અને પાઈપો વડે ઢોર માર માર્યો હતો. ચિલોડા પોલીસે ઘાયલ યુવાનની ફરિયાદ લઈ છ શખ્સો સામે ગુનો નોંધી ઉડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ દોલારાણા વાસણા ગામના યુવાન અલ્પેશસિંહ સુરેન્દ્રસિંહ રાઠોડ ગઈ સમી સાંજે ગામની ભાગોળે બાઈક લઈને બેઠા હતા. ભાગોળેથી ગામના ચાર યુવાનો રિક્ષા લઈને નિકળ્યા અને બાઈક સરખું મુકવાનું કહેતા બોલાચાલી થઈ હતી. ત્યારબાદ રિક્ષામાંથી ચાર શખ્સો ઉતર્યા અને ભાગોળે બેઠેલા અન્ય બે મિત્રોને પણ બોલાવ્યા અને અલ્પેશસિંહ ઉપર હુમલો કર્યો હતો. દિપાજી રતનજી ઠાકોર, અલ્કેશ રતનજી ઠાકોર, મંગા પશાજી ઠાકોર, દિનેશ પસાજી ઠાકોર, ભીખા જવાનજી ઠાકોર અને ગણેશ પ્રહલાદજી ઠાકોર મળીને છ શખ્સોએ ધોકા અને પાઈપ વડે અલ્પેશસિંહ પર હુમલો કરતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ બનાવ અંગે અલ્પેશસિંહની ફરિયાદને આધારે છ શખ્સો સામે રાયોટીંગનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ માટે પીએસઆઈ વી.એચ. પઠાણે તજવીજ શરુ કરી છે.



સમાજ કલ્યાણ વિભાગના જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિની કચેરી દ્વારા સરસ્વતી સાધના સહાય યોજના અંતર્ગત ધોરણ-૯માં અભ્યાસ કરતી બક્ષીપંચ અને આર્થિક રીતે પછાત જ્ઞાતિની બાળાઓને સાઈકલનું વિતરણ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર તાલુકાની ૨૪ શાળાઓની વિદ્યાર્થીનીઓ માટે કુલ ૩૫૩ સાઈકલોની સેકટર-૧૩ ખાતે શાળા સંચાલકોને સોંપણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્ય મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી અનીલભાઈ દરજીના દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.

## ગુણોત્સવ અંતર્ગત મુખ્યમંત્રી આજે રાજકોટની મુલાકાતે

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ગુણોત્સવ-૨૦૧૬ના બીજા દિવસે શુક્રવાર તા. ૮ જાન્યુઆરીએ રાજકોટ જિલ્લાના ગ્રામીણ વિસ્તાર બેડલામાં શિક્ષણ ગુણવત્તા ઉંચે લઈ જવાના ગુણોત્સવ સેવાયજ્ઞનું નેતૃત્વ કરશે. શ્રીમતી આનંદીબહેન બપોર બાદ રાજકોટ એન્જીનીયરીંગ એન્ડ ટેસ્ટીંગ લેબોરેટરી એન્ડ કોમન ફેસેલીટી સેન્ટરનું ઉદ્‌ઘાટન તેમજ વાયબ્રન્ટ સૌરાષ્ટ્ર એક્સપો-સમિટ ખુલ્લી મુકવાના છે.

## પેટ્રોલ-ડિઝલના વેટમાં કરાયેલા વધારા સામે આજે કોંગ્રેસના ધરણા

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં કુશાસન ચલાવતી ભાજપની વર્તમાન નિષ્ફળ સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવમાં વેટ નાખીને કરેલ ભાવ વધારાના વિરોધમાં રાજ્યવ્યાપી દેખાવો અને ધરણા યોજવાનો કાર્યક્રમ ગુજરાત કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૮-૧-૨૦૧૬ શુક્રવારના રોજ ૨.૦૦ કલાકે સત્યાગ્રહ છાવણી, સે. ૬ ખાતે ધરણા દેખાવો યોજેલ છે.

વધુ માહિતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી તથા શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહે જણાવ્યું છે કે ધરણા બાદ સાંજે ૩.૩૦ કલાકે ભાવ વધારા તેમજ અન્ય પ્રશ્નો અંગે જિલ્લા-શહેર કોંગ્રેસ દ્વારા સંયુક્ત આવેદન પત્ર કલેક્ટરશ્રી ગાંધીનગર મારફત ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીને આપવામાં આવશે. ઉપરોક્ત કાર્યક્રમમાં જિલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, તાલુકા, જિલ્લા શહેર તેમજ પ્રદેશ કોંગ્રેસના પદાધિકારીશ્રીઓ ઉપરાંત જિલ્લા-તાલુકા-નગરપાલિકાના સદસ્યશ્રીઓ, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., સેવાદળ તેમજ વિવિધ સેલ-ડીપાર્ટમેન્ટના હોદ્દેદારો સહીત સૌ કાર્યકરો-આગેવાનોએ મોટી સંખ્યામાં હાજર રહેશે.

## ખૂણે ખાંચરેથી...

● ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનનો ૧૨મો પદવીદાન સમારોહ ૧૬ જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે યોજાશે.

● ડિમ્ડ યુનિ. ડીએ-આઈઆઈસીટીના પદવીદાન સમારોહમાં જાણીતા વૈજ્ઞાનિક ડૉ. એ. શિવાન્સુ પિલ્લાઈ ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેનાર છે.

● જિલ્લા કલેકટરશ્રી રવિશંકર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભિમજીયાણીએ આજે ટી ડીપ્લોમસી પંચાયત કચેરી ખાતે કરી હતી.

● ન્યુ ક્રિકેટ સોસાયટીએ તેના સભાસદોની લોનની મર્યાદા વધારીને રૂ. ૫.૫૦ લાખ કરી છે.

● મિશન મંગલમના ડાયરેકટર તરીકે શ્રી ડી.એ. સત્યાની નિમણુંક કરવામાં આવી છે જયારે આનો હવાલો ધરાવતા શ્રી વિકાસ મેકવાનને હાલ સામાન્ય વહીવટ વિભાગ હસ્તક મુકવામાં આવ્યા છે.

● નાયબ ચીટનીસ (પંચાયત સેવા) તથા વિસ્તરણ અધિકારી વર્ગ-૩ની ૪/૨૦૧૫માં લેવાયેલ પરીક્ષાનું ૮ માસ પછી પરિણામ આવ્યું છે.

● નાયબ ચીટનીસ તથા વિસ્તરણ અધિકારીની પરીક્ષામાં ગાંધીનગરના ૧૬ પરીક્ષાર્થી હતા જે પૈકી ૬ જ પાસ થયા છે. જેમાં બે કર્મચારીઓ નિવૃત્ત થઈ ગયા છે. નિવૃત્ત થયેલા કર્મચારી શ્રી પી.કે. મહેતા પાસ જાહેર થયા છે. જયારે ડી.બી. ઠાકોર નાપાસ જાહેર થયા છે. આ પરીક્ષામાં ગાંધીનગરના બે નાયબ ચીટનીસ શ્રી ભાગ્યેશ જહા અને શ્રી એસ.એ. જેઠવા જેમણે પ્રથમ સ્થાન અને જેઠવાએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

## ...નિયમ રદ કરાયો હોવા છતાં ગાંધીનગરની પોસ્ટ ઓફિસોમાં બચતખાતુ ખોલાવવા કરવામાં આવતુ દબાણ

ગાંધીનગર, તા. ૬

પોસ્ટ વિભાગની વિવિધ યોજનાઓમાં કરેલ રોકાણને પરત મેળવવા માટે બચતખાતુ ખોલાવવાની અનિવાર્યતાને દૂર કરવામાં આવી હોવા છતાં ગાંધીનગરની પોસ્ટ ઓફિસો દ્વારા હજુ પણ ગ્રાહકો પર સેવિંગ્સ એકાઉન્ટ ખોલાવવાનું દબાણ આપવામાં આવતુ હોવાની ફરિયાદ ગ્રાહક કરી રહ્યા છે.

પોસ્ટલ સેવિંગ્સ સર્ટીફિકેટ સહિતની પોસ્ટ વિભાગની વિવિધ યોજનાઓમાં રોકાણ કરનાર રોકાણકારોએ પાકતી મુદતે રોકાણ પરત મેળવવા માટે પોસ્ટ ઓફિસમાં સેવિંગ ખાતુ ખોલાવુ નહી પડે. એવો આદેશ તાજેતરમાં જ પોષ્ટ વિભાગે એક નોટીફિકેશન દ્વારા આપ્યો છે. જો ગ્રાહકની ઈચ્છા હશે તો તેને ચેક દ્વારા પેમેન્ટ આપી શકાશે.

નાણાંકીય અનિશ્ચતાના સમયમાં પોસ્ટમાં કરેલુ રોકાણ સૌથી સલામત ગણાય છે. પોસ્ટની વિવિધ યોજનાઓમાં કરેલ રોકાણના લાભો પાકતી મુદતે પરત લેવાનો સમય આવે ત્યારે પોસ્ટ ઓફિસ દ્વારા એવો આગ્રહ રાખવામાં આવતો હતો કે જો ગ્રાહકો જે તે પોસ્ટ ઓફિસમાં સેવિંગ્સ એકાઉન્ટ ખોલાવે તો જ તેઓને પૈસા મળે. પોસ્ટ ઓફિસોમાં ઘટતી જતી સેવિંગ્સ એકાઉન્ટની સંખ્યા વધારવા માટે ગત ઓક્ટોબર માસમાં પોસ્ટલ વિભાગ દ્વારા આ પ્રકારનો આદેશ જાહેર કરાયો હતો. રોકાણ પરત મેળવવા માટે ફરજિયાત સેવિંગ્સ એકાઉન્ટ ખોલાવવુ પડે તેવા આ આદેશનો વિરોધ દેશભરમાં થયો હતો.

ગ્રાહકો અને પોસ્ટના એજન્ટોએ આ અંગે પોસ્ટ વિભાગને ફરિયાદ કરી હતી. વળી સમાચાર માધ્યમોમાં પણ આ મુદ્દા અંગે વ્યાપક ચર્ચાઓ થતા આખરે સેવિંગ્સ એકાઉન્ટ ખોલાવવાની અનિવાર્યતાને દૂર કરી દેવાઈ છે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક નોટીફિકેશનમાં જણાવાયું છે કે જો કોઈ ગ્રાહક બચત ખાતુ ખોલાવવાની અનિચ્છા દર્શાવે તો તેઓને તેમના પૈસા ચેક અથવા કેસ સ્વરૂપે આપી શકાશે. જો કે ગાંધીનગરની પોસ્ટ ઓફિસોમાં આ આદેશોનો અમલ કરવામાં આવતો નથી અને હજુ પણ તેઓ પર પોસ્ટમાં બચતખાતુ ખોલાવવાનું દબાણ નાંખવામાં આવે છે. ઘણા ગ્રાહકોને આ બાબતનો કડવો અનુભવ થયો છે.

# સિવિલમાં ધાબળા નથી, તમે ઘરેથી લાવ્યા હોય તે ઓઢો : સ્ટાફ

### સિવિલના ૬, ૭, અને ૮ માં માળના ઈન્ડોર દર્દીઓની ઠંડીમાં હાલત કફોડી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં હાડ થીજાવતી ઠંડીમાં દર્દીઓને ઠંડીમાં ઠુંઠવઈ જવાનો વારો આવ્યો છે. મેડીકલ કોલેજને પગલે ૫ માળની ઓ.પી.ડી તેમજ ૮ માળની નવી બિલ્ડીંગ નિર્માણ પામ્યું છે. ૬૦૦ બેડની માન્યતા ધરાવતી હોસ્પીટલમાં દર્દીઓને ઓઢવા માટે ધાબળા નથી તે દર્દીઓ માટે કમનસીબની વાત છે. શિયાળાની સિઝન હોવાથી શહેરમાં હાડ થી ઠંડી પડી રહી છે ત્યારે શહેરની સેવાકીય સંસ્થાઓ દ્વારા શ્રમીક પરિવારોને પણ ધાબળારુપી હુંફ પુરી પાડવામાં આવે છે. જયારે સરકારી સિવિલમાં ૬, ૭, અને ૮ માળના દર્દથી કણસતા ૧૨૦ થી વધુ ઈન્ડોર દર્દીઓ ધાબળા માટે રીતસરના વલખા મારી રહ્યા છે. પરંતુ દર્દીઓને ધાબળાની જગ્યાએ સ્ટાફ તરફથી સિવિલમાં ધાબળા નથી કયાથી લાવીએ...? ઘરેથી લાવ્યા હોય તે ઓઢો... જેવા વાક્યો સાંભળવા મળે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જિલ્લાકક્ષાની હોવાથી દર્દીઓનો ધસારો જોવા મળે છે. વિવિધ રોગના હજ્જારો દર્દીઓથી ઓપીડી વિભાગ ઉભરાય છે. મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલ અધ્યતન અને આધુનિક બનાવી છે. પરંતુ ઈન્ડોર દર્દીઓને માળખાકીય સુવિધામાં કોઈ પણ વધારો થવા પામ્યો નથી પરંતુ દુવિધા જરુર ઉભી થાય છે. કરોડો રુપીયાના ખર્ચે બનાવેલા નવા બિલ્ડીંગમાં રોજ પાણી, સહિતના ધાધીયા બહાર આવે છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં આવતા દર્દીઓના ''અચ્છે દિન'' તો આવ્યા નથી પરંતુ ''બુરે દિન'' ચોક્કસ આવ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. મેડીકલ કાઉન્સીલની ગાઈડ લાઈન મુજબ દર્દીઓને આપવામાં આવતી સુવિધા પણ હજુ સુધી પ્રાપ્ત થઈ શકી નથી ત્યારે શિયાળાની કાતિલ ઠંડીમાં દાખલ થયેલા દર્દીઓ માટે સિવિલમાં ધાબળા નથી.

હોસ્પિટલના ૬ઠ્ઠા માળે મેલ-ફિમેલ સર્જીકલ, ૭મા માળે ટીબી, સ્કીન, પીડીયાટ્રીક, સાયકાટ્રીક, જયારે ૮મા માળે આવેલી મેલ-ફીમેલ મેડીકલ વોર્ડમાં થઈને ૧૨૦ થી વધુ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે રાત્રીના સમયે ઠંડીમાં દર્દીઓ ઠુંઠવાઈ રહ્યાં છે અને અન્ય બેડ પર દાખલ દર્દીના સગાઓ પાસેથી ઓઢવાનું મેળવી હુંફ મેળવી રહ્યા છે. શહેરની સેવાકીય સંસ્થા નગરમાં ફરી ફરીને શ્રમીક પરિવારોને કાતિલ ઠંડીમાં રક્ષણ આપી રહ્યાં છે. સિવિલમાં દર્દીઓનું સાંભળનાર કોઈ નથી તેવું અત્યારે હાલના સમયે લાગી રહ્યું છે. ત્યારે આગામી દિવસોમાં સેવાકીય સંસ્થાઓ દ્વારા હોસ્પિટલમાં દર્દીઓને ધાબળાનું વિતરણ કરવામાં આવે તો નવાઈ નહી..!





## ગુણોત્સવ કાર્યક્રમ નિમિત્તે અગ્ર સચિવ બી.બી. સ્વેને એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા અદા કરી

રાજ્યમાં પાયાના સ્તરથી જ શિક્ષણ ગુણવત્તાયુક્ત બને અને આવનારી પેઢી વિદ્યાસંસ્કારથી સજ્જ બનેતેવા ઉમદા આશયથી સમગ્ર રાજ્ય સહિત ગાંધીનગર જિલ્લામાં આજથી ત્રિદિવસીય ગુણોત્સવ કાર્યક્રમનો આરંભ થયો છે. ગાંધીનગર શહેરની સે. ૨૮ પ્રાથમિક શાળામાં ગુણોત્સવનો કાર્યક્રમ પંચાયત, ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી બી.બી. સ્વેનની ઉપસ્થિતિમાં યોજાયો હતો. અગ્ર સચિવ શ્રી બી.બી. સ્વેન અગ્ર સચિવમાંથી એક દિવસ માટે શિક્ષક બની ગયા હતા. બાળકો પણ એક દિવસના શિક્ષક સાથે હળીમળી ગયા હતા. ત્યારબાદ શાળામાં ક્લાસની શરૂઆત થઈ હતી. શાળાના ક્લાસ શરૂ થયા બાદ ધો. ૬ થી ૭ ક્લાસમાં અગ્ર સચિવશ્રીની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને પ્રશ્ન પત્ર આપવામાં આવ્યા હતા. બાળકોની પરીક્ષા સમય સુધી અગ્ર સચિવશ્રી એક શિક્ષકની જેમ શાળાના બાળકોનું સુપરવિઝન કર્યુંહતું. શ્રી બી.બી. સ્વેન દ્વારા ધો. ૬ અને ૭ના વિદ્યાર્થીઓ પાસે વાંચન કરાવ્યું હતું.

